ત્રિસ્તરીય પંચાયતોના વર્ગ-૩ના કર્મચારીઓને વર્ગ-૨ / વર્ગ-૧ ના ઉચ્ચત્તર પગાર ધોરણ અંગે વિભાગના તા.૮-૭-૧૬ના ઠરાવની શરત નં.૭ રદ કરવા તથા જિલ્લા કક્ષાના હિસાબી સંવર્ગના અધિકારીનો સમાવેશ કરવા બાબત.

ગુજરાત સરકાર,
**પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,**
ઠરાવ ક્રમાંકઃ ઉપધ-૧૦૨૦૧૬-૧૦૦૮-ડ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખઃ ૧૯-૦૨-૨૦૧૯.

વંચાણે લીધાઃ-

(૧) નાણા વિભાગ તા.૫-૭-૯૧નો ઠરાવ ક્રમાંકઃ-એઓપી-૧૦૯૧-૩-મ.
(૨) નાણા વિભાગ તા.૧૧-૧૦-૯૧નો ઠરાવ ક્રમાંકઃ-એઓપી-૧૦૯૧-૨૦-મ.
(૩) નાણા વિભાગ તા.૬-૫-૯૨નો ઠરાવ ક્રમાંકઃ-પગર-૧૧૯૨-૧૦-મ.
(૪) પંચાયત વિભાગ તા.૮-૭-૧૬ના ઠરાવ ક્રમાંકઃ-ઉપધ-૧૦૨૦૧૬-૧૦૦૮-ડ.
(૫) વિકાસ કમિશ્નરશ્રી તા.૨૫-૭-૧૮ પત્ર ક્રમાંકઃ-વિક-મકમ-જન-૧-ફા.૪૨-૧૮-૩૧૬-૨૦૧૮.

**સુધારા ઠરાવઃ-**

ત્રિસ્તરીય પંચાયતોના વર્ગ-૩ના કર્મચારીઓની નિમણૂંકના સત્તાધિકારી જિલ્લા વિકાસ અધિકારી હોય તથા કર્મચારીઓની તમામ સેવાકીય વિગતો જિલ્લા વિકાસ અધિકારી પાસે રહેતી હોય, પંચાયત સેવાના વર્ગ-૩ ના કર્મચારીઓને વર્ગ-૨, વર્ગ-૧ ના ઉચ્ચત્તર પગાર ધોરણ સમયમર્યાદામાં મંજુર કરી શકાય અને વહીવટી પ્રક્રિયા વધુ સરળ બની રહે તે હેતુસર ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરવાની સત્તાઓ સંદર્ભ-૪માં દર્શાવેલ વિભાગના સરખા ક્રમાંકના તા.૮-૭-૨૦૧૬ના ઠરાવથી જિલ્લા વિકાસ અધિકારીઓને સુપ્રત કરવામાં આવેલ છે.

વિકાસ કમિશ્નરશ્રીએ વિભાગની તા.૮-૭-૨૦૧૬ના ઠરાવની શરત નં.૭ રદ કરવા તેમજ જિલ્લા કક્ષાના ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ છે તેમાં હિસાબી સંવર્ગના એક અધિકારીનો સમાવેશ કરવા દરખાસ્ત કરેલ છે. પુખ્ત વિચારણાને અંતે વિભાગના અગ્ર સચિવશ્રી(પં.)ની મંજૂરી મળતાં ત્રિસ્તરીય પંચાયતોના વર્ગ-૩ના કર્મચારીઓના ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા આથી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧) સંદર્ભ (૪) દર્શિત વિભાગના તા.૮-૭-૧૬ ઠરાવની શરત ક્રમાંક-૭ આથી રદ કરવામાં આવે છે.
(૨) ઉચ્ચત્તર પગાર ધોરણ આપવા અંગે જિલ્લા કક્ષાના ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ છે તેમાં હિસાબી અધિકારીનો સમાવેશ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે. વિભાગના તા.૮-૭-૧૬ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

પાછળ....

વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(પં)ની તા.૮-૨-૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ હુકમ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.જી.બંધિયા)
ઉપસચિવ,
પંચાયત,ગ્રા.ગૃ.નિ.અને ગ્રા.વિ. વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

૧) વિકાસ કમિશ્નરશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર તરફ આપના તા.૨૫-૭-૧૮ પત્રક્રમાંકઃ-વિક-મકમ-જન-૧-ફા.-૪૨-૧૮-૩૧૬-૨૦૧૮ અન્વયે જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

૨) સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

૩) કમિશ્નરશ્રી, સચિવશ્રી ગ્રામ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

૪) અધિક મુખ્ય સચિવશ્રી(નાણા)નું કાર્યાલય, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

૫) સિસ્ટમ મેનેજર, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સુધારા હુકમ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.

૬) સિલેક્ટ ફાઇલ.